વિચરતી વિમુકત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ
આશ્રમશાળાઓની નિભાવ ગ્રાન્ટમાં વધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૧/૧૨૬૬(૧)/ન.બા./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 21 APR 2012

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૯-૧૦-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:અમશ/૧૦૨૦૦૭/૧૩૪૫/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૧૪/૧૧/૨૦૧૧ નો પત્ર ક્રમાંક:વિજાક/અશમ/ન.બા./વિ.વિ/૧૧-૧૨/૩૧૨

**ઠ રા વ:-**

વિચરતી વિમુકત જાતિની સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના વિભાગના તા. ૯-૧૦-૨૦૦૭ ના ઠરાવથી વિદ્યાર્થી દીઠ દસ માસ માટે માસિક રૂ. ૬૦૦/- નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. જેમાં વધારો કરવા અંગે તેમજ આશ્રમશાળામાં પ્રવેશ માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદાના ધોરણમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા. ૧૪-૧૧-૨૦૧૧ ના પત્રથી કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વિચરતી વિમુકત જાતિની સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓની નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થી દીઠ દશ માસ માટે માસિક રૂ. ૬૦૦/- થી વધારીને રૂ. ૧૦૦૦/- કરવા તેમજ આશ્રમશાળામાં પ્રવેશ માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નક્કી કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૮૦.૪૦ લાખ( અંકે રુપિયા એંસી લાખ ચાલીસ હજાર પુરા) ની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) વિચરતી વિમુકત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં માન્ય સંખ્યાનો વધારો નાણાં

વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કરી શકાશે નહીં.

(૫) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૬) ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં અપાતી સવલતોનું નિયમિત મોનીટરીંગ થાય તે અંગેની વ્યવસ્થા અને નિયામકશ્રીએ દર છ માસે તેની સમીક્ષા કરવાની રહેશે.

() આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૦૧ વિમુકત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ (૧૩) બીસીકે-૧૪૫ (૨૨) આશ્રમશાળાઓના નિભાવ અનુદાનમાં વધારો સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૧૨/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. જે. મનસુરી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.